realpatidar.com

GE 18 -Mandvi Hostel Scam -Comprehensive Coverage by Patidar Bandhu

Posted on **06-Nov-2012** by **realpatidar**

Print this entry

23-Oct-2012

|| જય લક્ષ્મીનારાયણ ||

તા. ૨૩.૧૦.૨૦૧૨ના પાટીદાર બંધુના તંત્રી શ્રી બ્રિજેશભાઈએ ઈમેલ (patidarbandhu@gmail.com) દ્વારા, રીયલ પાટીદાર ગુગલ ગ્રુપના (realpatidar@googlegroups.com) સભ્યો માટે, તેમના ઓક્ટોબર ૨૦૧૨ના અંકમાં છપાયેલ માંડવી હોસ્ટેલ કૌભાડના વિસ્તૃત સમાચારો મોકલેલ છે. જે અહીં નીચે મુજબ છે...

realpatidar.com

realpatidar.com

તંત્રી સ્થાનેથી...

પાટીદાર... સર્વોદય... અને ટ્રસ્ટ...???

તાજેતરમાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત માંડવી વિદ્યાર્થી છાત્રાલયને તેના સંચાલકોએ બારોબાર 'પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'નામના પોતાના વર્ચસ્વવાળા પોતાના જ ખાનગી ટ્રસ્ટને હસ્તાંતરીત કરી દેવાના બનાવે સમગ્ર દેશભરના સનાતની કચ્છ કડવા પાટીદારોને લાલઘુમ કરી નાંખ્યા છે. જ્યારે સતપંથીઓ આ બધુ જોઈને મનમાંને મનમાં મલકાતા હશે.

થોડા દિવસો પહેલા સમાજમાં 'સનાતન એકતા મંચ'ના પ્રકરણની ચર્ચા ચાલતી હતી. એવામાં માંડવી હોસ્ટેલનું પ્રકરણ સામે આવ્યું. સમાજ તોડુ સનાતન એકતા મંચના સૂત્રધારો જ પાટીદાર સર્વોદય ટ્રસ્ટના સૂત્રધારો છે. માંડવી હોસ્ટેલ હસ્તાંતરીત કરવાનું ષડયંત્ર રાતોરાત નથી ઘડાયું. આ તો છેલ્લા બે વર્ષથી ચાલતુ પ્લાનીંગ હતું. અને પ્લાનીંગનો અમલ ગત માર્ચ ૨૦૧૨માં થઈ ગયો હતો. પરંતુ આ બધુ પ્લાનીંગ એટલું જોરદાર હતું કે કેન્દ્રીય સમાજને તો ઠીક પણ માંડવી વિભાગના અને નિર્માણ સમિતિના જ કેશુભાઈ લીંબાણી, હંસરાજભાઈ ધોળુ કે જેઠાલાલ ચોપડા જેવા સનાતની અગ્રણીઓને પણ આની ગંધ નહોતી આવવા દીધી.

કેન્દ્રીય સમાજને તોડી સનાતન એકતાને છિન્નભિન્ન કરવાનો પ્રયત્ન કરનારા માંડવીના મવાળો સમાજ તોડવા માટે જે બેનર બનાવે છે તે બેનરના નામને અને બેનર બનાવનારાના કામને સ્નાન સુધ્ધાનો સંબંધ નથી હોતો.

પહેલા સનાતન વિરોધી માંડવીના મવાળોએ 'સનાતન એકતા મંચ' બનાવ્યું. (આની ચર્ચા ગતાંકના તંત્રીલેખમાં કરી હતી.) અને હવે ''પાટીદાર સર્વોદય ટ્રસ્ટ''

આજે સમગ્ર વિશ્વમાં પાટીદાર તેની પ્રમાણીકતા અને વફાદારીને કારણે જાણીતો છે. પાટીદારો તેના સંસ્કારોને કારણે જાણીતા છે અને પાટીદારો ઉચ્ચવર્ણના, મૃત્યુ પછી અગ્નિસંસ્કાર કરતા વૈદિક સનાતની હિન્દુઓ તરીકે જાણીતા છે. આવા શુધ્ધ સનાતની પાટીદારો સાથે દગો કરનાર ''પાટીદાર સર્વોદય ટ્રસ્ટ''ના કહેવાતા પાટીદાર ટ્રસ્ટીઓને તેમની જ માતૃસંસ્થાએ 'અપ્રમાણીક' જાહેર કરી તેમના વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આમ આ લોકો એ 'પાટીદાર' જેવા ગૌરવશાળી શબ્દને લાંછન લગાવ્યું છે.

બીજો શબ્દ છે 'સર્વોદય'. આ શબ્દ આપણી સનાતન સંસ્કૃતિની મૂળમાં રહેલી ભાવના છે. સર્વોદય શબ્દ મહાત્મા ગાંધીના જીવન સાથે વણાઈ ગયેલો શબ્દ છે. લગભગ દરેક મહાત્મા અને સાચા સમાજ સેવીઓ સર્વોદય કાજે જ જીવતા હોય છે. સર્વોદય એટલે સર્વનો ઉદય... સર્વોદય એટલે સબકા મંગલ સબકા ભલા... પરંતુ આ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ કોના ઉદય માટે રચાયું છે, અને કોના ભલા માટે રચાયું છે, તે અંગે વધુ કહેવાની જરૂર જણાતી નથી. બધા જ સનાતની કચ્છી પાટીદારો જાણે છે. અહીં સર્વોદય નહીં પણ સ્વાર્થોદય છે, પોતાના સ્વાર્થ સિધ્ધ કરવાના કૃત્યને સર્વોદય ના કહેવાય. આથી સર્વોદય શબ્દ અહીં બંધબેસતો નથી.

અને છેલ્લે આવે છે ટ્રસ્ટ. ટ્રસ્ટ શબ્દનો ગુજરાતી અર્થ થાય છે 'વિશ્વાસ'. આથી કોઈપણ સંસ્થાના ટ્રસ્ટ પાછળ સમાજજનોનો વિશ્વાસ રહેલો છે. તેથી જ તો તેને ટ્રસ્ટ કહેવામાં આવે છે. અને સમાજજનો એ જેના ઉપર વિશ્વાસ મૂક્યો છે તેને 'ટ્રસ્ટી' કહેવામાં આવે છે. જે ટ્રસ્ટ માત્રને માત્ર છળ, કપટ, ષડયંત્ર અને સ્વાર્થ સિધ્ધી માટે જ રચાયું હોય તેમાં તેના ટ્રસ્ટીઓ સિવાય કોઈને વિશ્વાસ ના હોય. કેન્દ્રીય સમાજની માલિકીની હોસ્ટેલ લઈ લેનાર ટ્રસ્ટમાં કોઈપણ જાતનું સૌજન્ય દેખાતું નથી. આથી આને ટ્રસ્ટ કહેવું એ ટ્રસ્ટ શબ્દનું અપમાન છે.

આથી જ સમાજ ચિંતકોને પ્રશ્ન થાય છે કે સનાતન એકતા મંચમાં 'સનાતની એકતા' સિવાય માત્ર મંચ હતું. પણ અહીં ''પાટીદાર સર્વોદય ટ્રસ્ટ''માં પાટીદાર, સર્વોદય અને ટ્રસ્ટ.... કાંઈ જોવા મળતું નથી...

લિ. તંત્રી
બ્રિજેશ સી. પટેલ

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

નિષ્કલંકીઓના નાદે 'કહેવાતા સનાતનીઓ'નું કલંકિત કૃત્ય

માંડવીના મવાળોની ખુલ્લી દાદાગીરી : કેન્દ્રીય સમાજની માંડવી વિદ્યાર્થી હોસ્ટેલ પોતાના ખાનગી ટ્રસ્ટને પધરાવી દીધી

(ફોટો-૧) ૨૫/૯/૧૨ના રોજ નખત્રાણા ખાતે યોજાયેલ કારોબારી સભાના પહેલા સત્રનો છે. જેમાં સ્ટેજ ઉપર પાછળની હરોળમાં રવિલાલ રામજીયાણી બેઠા છે જ્યારે બપોર પછી ઠરાવો કરવાના મહત્ત્વપૂર્ણ સમયે તેઓ જતા રહ્યા હતા. જે ફોટો-૨ (લંચ પછીનો બીજા સત્રનો)માં ખાલી ખુરશીમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

ગત ૨૫-૯-૧૨ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજના પ્રમુખ ગંગારામભાઇ સાંખલાના અધ્યક્ષસ્થાને કારોબારીની સભા બોલાવવામાં આવી હતી. આ સભામાં માંડવી વિસ્તારમાં આવેલી કેન્દ્રીય સમાજની માલિકીની ભાઈઓ માટેની છાત્રાલયને પાટીદાર સર્વોદય નામના ખાનગી ટ્રસ્ટને બારોબાર હસ્તાંતરીત કરવાની ઘટનાનો સત્તાવાર પર્દાફાશ કરવામાં આવ્યો હતો. દૂધ દહીંમાં પગ રાખનારા અને સનાતન એકતા મંચનું ત્રાગુ રચી કરી સમાજ તોડવાનો પ્રયત્ન કરનાર સમાજના ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ છાભૈયાની માંડવી મવાળ કંપનીએ સજ્જનતાની તમમ હદો વટાવી શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની

realpatidar.com

realpatidar.com

જૂની નિર્માણ સમિતિ અને માંડવી ઝોન બરખાસ્ત : નવેસરથી પુનઃગઠન થશે

તા. ૨૫/૯/૧૨ના રોજ યોજાયેલ કારોબારી સભામાં છેલ્લા ૨૧ વર્ષથી ચાલી આવતી હોસ્ટેલ નિર્માણ સમિતિને બરખાસ્ત કરી દેવામાં આવી છે અને હાલ કેન્દ્રીય પ્રમુખ ગંગારામભાઈની અધ્યક્ષતા વાળી ઓછામાં ઓછા અગિયાર સભ્યોની નવી કમિટી બનાવવામાં આવશે. આ કમિટીમાં કેન્દ્રીય સમાજના મહામંત્રી માવજીભાઈ ભગત પણ હશે. પરંતુ આ સમિતિમાં હવે પછી માંડવી વિભાગના જ વિશ્વાસુ સનાતનીઓને રાખવામાં આવશે.

આ સમગ્ર ઘટનાક્રમમાં જે લોકો સામેલ છે તેમના આજીવન સભ્યપદ રદ થવાની તૈયારીમાં જ છે. તેઓ સ્થાનિક સમાજથી લઈને ઝોન સમાજમાં પણ રહી શકે તેમ નથી. આ મવાળો માંડવી ઝોનમાં પણ સામેલ હોવાથી હવે પછી આ મવાળોને દૂર કરી શુધ્ધ સનાતની માંડવી વિભાગનું નવસર્જન કરવામાં આવશે.

માલિકીની માંડવી વિદ્યાર્થી છાત્રાલયને પોતાના '**પાટીદાર સર્વોદય ટ્રસ્ટ**' નામના ખાનગી ટ્રસ્ટને સોંપી દીધી હતી. સમાજના તે વખતના તત્કાલીન પ્રમુખ અને ટ્રસ્ટી લધાભાઇ વિશ્રામભાઇ પોકાર અને મહામંત્રી શ્રી ભવાનજી ભાઇએ આ ઘટનાને અંજામ આપવા પૂરેપૂરો સાથ સહકાર આપતા સહીઓ કરી આપી હતી.

માંડવી વિસ્તારના સનાતની ભાઇઓને સમૂહલગ્ન માટેહોસ્ટેલ ના આપવા સંદર્ભે છેલ્લા છ મહિનાથી કેન્દ્રીય સમાજ માંડવી વિસ્તારને લઇને પરેશાન હતી એવામાં માંડવી હોસ્ટેલને મવાળોએ હસ્તાંતરીત કરી નાંખી છે એવી માહિતી મળતા કેન્દ્રીય સમાજમાં હડકંપ મચી ગયો છે.

આ સમગ્ર બનાવની વિગત એવી છે કે માંડવી વિસ્તારમાં શ્રી અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની માલિકીની શ્રી લખુભાઇ વીરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય આવેલી છે. આ છાત્રાલયનું નિર્માણ ઇ.સ. ૧૯૯૧માં કરવામાં આવ્યું હતું. આ છાત્રાલયના નિર્માણ માટે માંડવી વિસ્તારના ભાઇઓની બહુમતી વાળી હોસ્ટેલ નિર્માણ સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. આ સમિતિ કેન્દ્રીય સમાજની પેટા સમિતિ હતી. છાત્રાલયનું નિર્માણ થઇ જતા આજ સમિતિને છાત્રાલયનો વહીવટ સોંપવામાં આવ્યો હતો. પરંતુ આ સમિતિનું 'હોસ્ટેલ નિર્માણ સમિતિ' એવું નામ યથાવત રાખવામાં આવ્યું હતું. જે આ ઘટના સુધી ચાલુ હતું.

આ નિર્માણ સમિતિમાં કુલ ૩૮ સભ્યો છે. (જેના નામ આ

હવે સતપંથીઓ નહીં સતપંથના દલાલો આડા આવશે : રમેશ વાઘડીયા

કારોબારી સભામાં રમેશ વાઘડીયાએ એકતા મંચના પ્રમુખને આડે હાથે લીધા હતા. તેમણે જણાવ્યું હતું કે ''એકતા કોની? સતપંથની કે પછી સનાતનની? કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી શિવદાસ ગોવિંદ સમાજ તોડુ મંચના પ્રમુખ હતા. શિવદાસ બાપાએ ૪૦ વર્ષ સુધી સમાજની સેવા નથી કરી પણ સમાજને માથે બોજ બની બેઠા છે અને એ બોજ આજે આપણને ઉઠાવવો પડે છે. લધાબાપા આના કરતા વધુ ગુનેગાર છે. સનાતનીઓના હિત માટેની સંસ્થામાં સતપંથઓની વડા થઈને બેઠા હોય તેનાથી બીજું દુર્ભાગ્ય શું હોય? હવે સતપંથીઓ આડા નહીં આવે પણ સતપંથના દલાલો આડા આવશે.'' આમ કહી કેન્દ્રીય પ્રમુખને સખતમાં સખત સજા કરવા અનુરોધ કર્યો હતો.

realpatidar.com

realpatidar.com

પ્રકરણના સમાચારમાં એક કોષ્ટકમાં આપેલા છે.)

આ ૩૮ સભ્યો પૈકી કેટલાક સભ્યો દુધ-દહીંમાં પગ રાખવાની

અલીબાબા ચાલીશ ચોર પૈકી હું નથી : હંસરાજભાઈ ધોળુ

હોસ્ટેલ નિર્માણ સમિતિના ૩૮ સભ્યો પૈકીના એક હંસરાજભાઈ ધોળુ એ હોસ્ટેલ નિર્માણ સમિતિને અલીબાબા ચાલીસ ચોર સાથે સરખાવી હતી. હંસરાજભાઈ ધોળુએ કારોબારી સભામાં જણાવ્યું હતું કે ''હોસ્ટેલ નિર્માણ વાળી ૩૮ સભ્યોની સમિતિનો હું પણ સભ્ય છું. પરંતુ આ સમગ્ર બનાવ અમારી જાણ બહાર બન્યો છે. આથી આ અલીબાબા ચાલીશ ચોર વાળી કંપનીમાં અમારું નામ છે પણ હું એમાં શામેલ નથી.''

આમ હંસરાજભાઈના આવી નિખાલસતાથી કારોબારી સભામાં હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું. હંસરાજભાઈ ધોળુ શ્વેતપત્રના ચુસ્ત પાલનમાં માને છે. ૩૮ સભ્યોમાંથી માત્ર ૧૨-૧૩ જણા જ મવાળવાદી છે. નિર્માણ સમિતિના બાકીના સભ્યો કેન્દ્રીય સમાજને સંપૂર્ણ વફાદાર છે. તેમાં કોઈ શંકા નથી.

સમાજને ગુમરાહ કરનાર રવિલાલને પ્રમુખપદેથી હટાવો : પ્રેમજી કેસરાણી

આ કારોબારી સભામાં ખુલ્લામંચ વખતે સભાને સંબોધતા પ્રેમજી કેસરાણીએ ઉમિયા માતાજી સંસ્થા વાંઢાયના પ્રમુખ રવિલાલ રામજીયાણીને આડેહાથે લીધા હતા. પ્રેમજીભાઈએ જણાવ્યું હતું કે 'હવે નક્કી થઈ ગયું છે કે આ લોકોએ ગુનાહીત કૃત્ય કર્યું છે. ૨૦૦૮થી આ ચાલુ છે. જે લોકો આ કૃત્ય કરી રહ્યા છે તેની આપણી પાસે પુરતી માહિતી હોવી જોઈએ. સમાજ વિરુધ્ધ કૃત્ય કરનારાઓને દરેક સંસ્થામાંથી હાંકી કાઢવા જોઈએ. રવિલાલ ઉમિયા માતાજીમાં પ્રમુખ ના હોવા જોઈએ. દરેક જગ્યાએ આ માણસ હાજર હોય છે. આવા માણસો એ સમાજને ગુમરાહ કરી છે.'

રવિલાલ રામજીયાણી તા. ૨૫-૯-૧૨ના રોજ યોજાયેલ આ સભામાં લંચ પહેલાના પ્રથમ સત્રમાં હાજર હતા અને મંચ ઉપર બેઠા હતા. પરંતુ ભોજનબાદ ઠરાવો કરવાના અને આકરા નિર્ણયો લેવાના સમયે સભા છોડી રફુચક્કર થઈ ગયા હતા. રવિલાલ રામજીયાણી સમાજ તોડુ સનાતન એકતા મંચના મુખ્ય સૂત્રધારો પૈકી એક છે. તેમની મવાળવાદી પ્રવૃત્તિઓ જગજાહેર છે. છતાં પણ કોઈપણ જાતની શેહશરમ વગર આ વ્યક્તિ બિન્દાસ્ત આવે છે અને જાય છે અને આવી મહત્ત્વપૂર્ણ મીટીંગોમાં સ્ટેજ ઉપર સ્થાન પણ ગ્રહણ કરે છે. આથી પ્રેમજીભાઈ એ હવે પછી આવુ થાય નહીં તે માટે સમાજને અનુરોધ કર્યો હતો.

સ્પષ્ટ નીતી ધરાવે છે. કેન્દ્રીય સમાજે જ્યારથી શ્વેતપત્ર બહાર પાડ્યો છે ત્યારથી આ દૂધ-દહીંમાં પગ રાખતા મવાળોના પેટમાં તેલ રેડાયું છે. સતપંથીઓના હિત ચિંતકોએ આ શ્વેતપત્રને લઈને ખૂબ હલ્લો મચાવ્યો હતો. અને સમગ્ર માંડવી વિભાગ આ શ્વેતપત્રનો વિરોધ કરે છે તેવી ખોટી છાપ ઉભી કરી હતી. પરંતુ માંડવી વિભાગના સનાતની ભાઈઓએ આ મવાળોના અનેક વિઘ્નો પછી પણ સતપંથીઓથી અલગ ૭૫ સનાતની યુગલોને પરણાવીને આ મવાળોની હવા કાઢી નાંખી હતી. રઘવાયા થયેલા સતપંથ હિતચિંતકોએ કેન્દ્રીય સમાજના સંગઠનને ડામાડોળ કરવા સનાતન એકતા મંચ બનાવ્યું પણ તેનું પણ સુરસુરીયું નિકળી ગયું.

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

સનાતન એકતા મંચના પ્રકરણની શાહી સુકાય તે પહેલા જ માંડવી વિદ્યાર્થી હોસ્ટેલ પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નામના ખાનગી ટ્રસ્ટને કેન્દ્રીય સમાજની મંજૂરી વગર બારોબાર હસ્તાંતરીત કરી દેવાનો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર ગત ફેબ્રુઆરી/માર્ચ ૨૦૧૨માં આ સમગ્ર ઘટના ક્રમને અંજામ આપવામાં આવ્યો છે. નિર્માણ સમિતિએ 'પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'નામના જે ટ્રસ્ટને આ હોસ્ટેલ હસ્તાંતરીત કરે છે તે ટ્રસ્ટના નવમાંથી સાત સભ્યો નિર્માણ સમિતિવાળા જ છે. (દૂધ-દહીંમાં પગ રાખતા) અને બે નવા પોતાના જ ભળતીયાના નામ જોડવામાં આવ્યા છે. (આની સંપૂર્ણ સમજ કોષ્ટકમાં આવેલ છે.)આમ લેનાર પોતે અને આપનાર પોતે છે જયારે મિલ્કત બીજાની (કેન્દ્રીય સમાજની) છે.

કેન્દ્રીય સમાજની માલીકીની મિલ્કત કેન્દ્રીય સમાજની તથા નિર્માણ સમિતિના મોટાભાગના સભ્યોની જાણ બહાર પોતાના જ ખાનગી ટ્રસ્ટને હસ્તાંતરીત કરી નાખવાના આ બનાવે કેન્દ્રીય સમાજમાં ભુકંપ સર્જી દીધો છે. કેન્દ્રીય સમાજની તા. ૨૫-૯-૧૨ના રોજ મળેલ કારોબારી સભામાં બધા જ કારોબારી સભ્યોએ આ ઘટનાના આરોપીઓ પ્રત્યે ઉગ્ર રોષ ઠાલવ્યો હતો અને આ સમાજદ્રોહીઓને કડકમાં કડક સજા આપવા અનુરોધ કર્યો હતો. આ ઘટનામાં ઈરાદા પૂર્વક સામેલ થયેલ તમામ આરોપીઓનું સભ્યપદ આજીવન માટે રદ કરવા અને તેઓને કેન્દ્રીય સમાજને સંલગ્ન તમામ સંસ્થામાંથી પદભ્રષ્ટ કરવા માંગ કરી હતી.

આ કારોબારી સભામાં કારોબારી સભ્યોની સાથે સાથે મહિલા સંઘ અને યુવાસંઘના પ્રમુખ અને મંત્રી પણ હાજર હતા. આ બન્ને સંગઠનો એ પણ આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી અને સમાજ જે નિર્ણય લેશે તેમાં સંપૂર્ણ ટેકો આપીશું તેમ જણાવ્યું હતું.

સૌથી વધુ દુઃખ એલ.વી. બાપાનું છે : કેશવલાલ લીંબાણી

લક્ષ્મી નારાયણ સમૂહલગ્ન આયોજન સમિતિ માંડવીના પ્રમુખ કેશવલાલ લીંબાણીએ કારોબારી સભામાં અત્યંત દુઃખ સાથે જણાવ્યું હતું કે ''સૌથી વધુ દુઃખ એલ.વી. બાપાનું છે. માંડવી વિસ્તાની સામાન્ય જનતાને આ બધી ઘટનાઓના એક અંશની ખબર નથી. ચેરીટી કમીશ્નર અને પબ્લીકને ગુમરાહ કરવામાં આવે છે. સત્તા હાથમાં રાખવા માટે આ બધા કૃત્યો કરવામાં આવે છે. મેઘજી જેઠા નિર્માણ સમિતિને અંધારામાં રાખી મીટીંગો બોલાવે છે.''

આજ કેશવલાલ લીંબાણીએ માંડવીના મવાળોનો ખુલ્લો વિરોધ કરી માંડવી વિસ્તારની સનાતની ભાવનાને ઉજાગર કરી હતી. લધાભાઇ વિશ્રામભાઇ પોકાર અને ભવાનજીભાઇ હોસ્ટેલ નિર્માણ વખતે તત્કાલીન પ્રમુખ-મંત્રી હતા. આથી હોસ્ટેલને લગતા દસ્તાવેજોમાં હોદ્દાની રૂએ તેમની સહી હતી માલીક તરીકે નહીં. પરંતુ આ બન્ને જણાએ સમાજ સાથે ગદ્દારી કરી, વર્તમાન કેન્દ્રીય હોદ્દેદારો અને નિર્માણ સમિતિના જ કેશવલાલ લીંબાણી જેવા અનેક સનાતની કાર્યકર્તાઓને અંધારામાં રાખી મવાળો સાથે ભળી જઈ આ કૃત્ય કર્યું હોવાથી કેશવલાલ લીંબાણી સહિત અનેક લોકોને દુઃખ થયું છે.

માંડવી વિભાગના જ મુંબઇ ઝોનના પ્રમુખે માંડવીના મવાળો દ્વારા આચરવામાં આવેલ આ કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢ્યું હતું અને કેન્દ્રીય સમાજને સમાજનું અહિત કરનારાઓ સામે સખતમાં સખત પગલા લેવા અનુરોધ કર્યો છે.

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

કેન્દ્રીય સમાજની માલિકીની હોસ્ટેલને ખાનગી ટ્રસ્ટને બારોબાર આપી દેનાર કેન્દ્રીય સમાજે નિમેલ નિર્માણ સમિતિ

(૧) શ્રી મેઘજીભાઈ જેઠાભાઈ રામજીયાણી-મુંબઈ
(૨) શ્રી શામજીભાઈ હરજી સેંઘાણી-મુંબઈ
(૩) શ્રી ધનજીભાઈ ગોવિંદ સેંઘાણી-રાજપર
(૪) શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર-મુંબઈ
(૫) શ્રી ભવાનજી ભાણજી રામાણી-બીદડા
(૬) શ્રી શાંતિલાલ પેથાભાઈ ચૌધરી-માંડવી
(૭) શ્રી શિવદાસ ગોવિંદ છાભૈયા-ભુજ
(૮) શ્રી શામજીભાઈ નારાણ નાકરાણી-મુંબઈ
(૯) શ્રી શિવલાલ લખમખી વાસાણી-મુંબઈ
(૧૦) શ્રી પરસોત્તમ મનજી વેલાણી-મુંબઈ
(૧૧) શ્રી નારાણભાઈ મનજી વેલાણી-મુંબઈ
(૧૨) શ્રી નથુરામ ધનજી સેંઘાણી-મુંબઈ
(૧૩) શ્રી ધનજીભાઈ પુંજા લીંબાણી-દરશડી
(૧૪) શ્રી ગોવિંદભાઈ અબજી સેંઘાણી-દુર્ગાપુર
(૧૫) શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળુ-ભુજ
(૧૬) શ્રી કરશનદાસ વાલજી વેલાણી-ભુજ
(૧૭) શ્રી રતનશી લાલજી વેલાણી-દુર્ગાપુર
(૧૮) શ્રી રવજીભાઈ લાલજી રામજીયાણી-મુંબઈ
(૧૯) શ્રી કાંતિલાલ ભાણજી દડગા-મમાયમોરા
(૨૦) શ્રી શાંતિલાલ પ્રેમજી દિવાણી-રાયણમોટી
(૨૧) શ્રી દામજીભાઈ પ્રેમજી ધોળુ-ભુજ
(૨૨) શ્રી નારાણભાઈ ખીમજી ચૌહાણ-દુજાપર
(૨૩) શ્રી અબજીભાઈ કરમજશી ધોળુ-ગાંધીનગર
(૨૪) શ્રી હરીલાલ નારાણ ધોળુ-માંડવી
(૨૫) શ્રી હીરાલાલ માવજી સેંઘાણી-મુંબઈ
(૨૬) શ્રી રવીલાલ કેશરા રામજીયાણી-મુંબઈ
(૨૭) શ્રી ધનજીભાઈ શીવગણ રુડાણી-મુંબઈ
(૨૮) શ્રી રવજીભાઈ રામજીજી ચોપડા-મુંબઈ
(૨૯) શ્રી કાંતીલાલ નારાણ સેંઘાણી-મુંબઈ
(૩૦) શ્રી રતનશી રવજી ધોળુ-મુંબઈ
(૩૧) શ્રી પરસોત્તમભાઈ વિશ્રામ વાસાણી-નાની વિરાણી
(૩૨) શ્રી નાનજીભાઈ કરશન પારસીયા-ભરૈયા
(૩૩) શ્રી મણીલાલ કરશન દિવાણી-મુંબઈ
(૩૪) શ્રી કેશવલાલ ધનજી પારસીયા-ભુજ
(૩૫) શ્રી વાડીલાલ કરશન પોકાર-ભુજ
(૩૬) શ્રી જયેશ સોમજી છાભૈયા-ભુજ
(૩૭) શ્રી જેઠાલાલ લાલજી ચોપડા-ભુજ
(૩૮) શ્રી નારાણભાઈ રામજી પોકાર-ભુજ

હોસ્ટેલ લેનાર 'પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ

(૧) મેઘજીભાઈ જેઠા રામજીયાણી
(૨) શામજીભાઈ હરજી સેંઘાણી
(૩) ધનજી ગોવિંદ સેંઘાણી
(૪) લધાભાઈ વિશ્રામ પોકાર
(૫) ભવાનજી ભાણજી રામાણી
(૬) શાંતિલાલ પેથા ચૌધરી
(૭) શિવદાસ ગોવિંદ છાભૈયા
(૮) લખમશીભાઈ લધા વાસાણી
(૯) ભવાનજી નારાણ સેંઘાણી

મેઘજીભાઈ જેઠા રામજીયાણી

ધનજી ગોવિંદ સેંઘાણી

લધાભાઈ વિશ્રામ પોકાર

ભવાનજી ભાણજી રામાણી


શિવદાસ ગોવિંદ છાભૈયા

શામજી હરજી સેંઘાણી

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

કેન્દ્રીય સમાજે કરેલ ઠરાવોમાં લધા વિશ્રામ પોકાર, શિવદાસ ગોવિંદ છાભૈયા અને ભવાનજી રામાણી અપ્રમાણીક જાહેર...

(પ્રેસનોટ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની તાકીદની કારોબારી સભા તા. ૨૫/૯/૧૨ના પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા મુકામે સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઇ હીરાલાલ સાંખલાના અધ્યક્ષસ્થાને મળેલ. તાકીદની કારોબારી સભામાં નીચે લખ્યા મુજબના ઠરાવો પાસ કરવામાં આવેલ છે.

લધાભાઈ વિશ્રામ પોકાર

ભવાનજી ભાણજી રામાણી



શિવદાસ ગોવિંદ છાભૈયા

ઠરાવ નં. ૧ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની મંજૂરીથી માંડવી મધ્યે વિદ્યાર્થી હોસ્ટેલ નિર્માણ માટે કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની ૧૯૯૧માં સમાજની વાર્ષિક સામાન્ય સભામાં નિમણૂંક કરવામાં આવેલ. આ સમિતિના પ્રમુખ તરીકે લધાભાઇ વિશ્રામભાઈ પોકાર તથા મંત્રી તરીકે ભવાનજીભાઈ ભાણજી રામાણીની નિમણૂંક કરવામાં આવેલ.

શ્રી કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના નામે ૧૯૯૪માં જમીન ખરીદ કરવામાં આવેલ છે. વખતના શ્રી કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિ ઉપરોક્ત હોદ્દેદારોએ દસ્તાવેજમાં હોદ્દાની રૂએ સહી કરેલ છે.

આ જમીન ખરીદ કર્યા બાદ તેના પર શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યો તરફથી આપવામાં આવેલ દાનમાંથી હોસ્ટેલનું બાંધકામ કરવામાં આવેલ. આ બાંધકામ પૂર્ણ થયા બાદ તા. ૧/૫/૨૦૦૭ના રોજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ મારફતે આ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આ મિલકત પર જે તકતી લગાડવામાં આવેલ છે તેના પર પણ સ્પષ્ટપણે 'શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ'ના નામનો ઉલ્લેખ છે. તેમ છતાં માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના અમૂક સભ્યો મળી આ મિલકત ફક્ત માંડવી નિર્માણ સમિતિની કબ્જા ભોગવટા માલિકીની છે તેવું ઠસાવી માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના કેટલાક સભ્યોને અંધારામાં રાખી ખોટી રીતે ઠરાવો કરી, ખોટા સોગંદનામા કરી આ મિલકતને 'ચેરીટી કમિશ્નરની કચેરીમાં' 'શ્રી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ'માં હસ્તાંતર કરેલ છે. જે કાર્યવાહી તદ્દન અપ્રમાણિક પણ કરેલ છે. શ્રી કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના સભ્યો તરીકે દરેક જણ તે હકીકતથી વાકેફ છે કે આ મીલકત સંપૂર્ણ પણે 'શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ'માં સમાવિષ્ટ થયેલ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના નામે તથા હોદ્દાની રૂએ બન્ને હોદ્દેદારોએ સહીઓ કરેલ આ મીલકતો **શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નામે તથા હોદ્દાની રૂએ બન્ને હોદ્દેદારોએ સહીઓ કરેલ. લધાભાઈ વિશ્રામ પોકાર તથા માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના મંત્રી ભવાનજી ભાણજી રામાણીએ સાથે મળીને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાને અંધારામાં રાખીને મિલકત**

realpatidar.com

realpatidar.com

પોતાનું બનાવેલ. અન્ય ટ્રસ્ટમાં તબદીલ કરી નાખેલ હોવાથી આ સમાજના ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગયેલ છે તેથી આ તાકીદની કારોબારી સભા સમાજ વિરુધ્ધ કૃત્ય કરનાર ઉપરોક્ત ટ્રસ્ટીઓને અને માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના મંત્રીને અપ્રમાણિક ઠેરવે છે અને તેમના ઉપર યોગ્ય કડકમાં કડક કાર્યવાહી કરવાનો ઠરાવ પાસ કરે છે.

ઠરાવ - ૨ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નિયુક્ત માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ સમાજ વિરોધી કૃત્ય કરેલ છે તેની આજની કારોબારી સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે. અને ઉપરોક્ત સમિતિને બરખાસ્ત કરીને બરખાસ્ત કરેલી સમિતિ પાસેથી ચાર્જ લઇ સંપૂર્ણ વહીવટ જેવા કે બેંક તેમજ રોજબરોજના વ્યવહારો, કાયદાકીય અને સામાજિક પ્રશ્નોનો સંપૂર્ણ વહીવટ કરવાની સત્તા કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીના નેજા હેઠળ નવી અગીયાર જણની સમિતિ બનાવીને તેનો સંપૂર્ણ વ્યવહાર કરવાની સત્તા આપવામાં આવે છે. અને ભવિષ્યમાં પણ હોદ્દાની રૂએ કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રી કાયમ માટે માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના રહેશે અને જરૂરી જણાશે તો વધારાના સભ્યોનો ઉમેરો કરી શકશે.

ઠરાવ - ૩ : માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની સામે કાનુની કાર્યવાહી કરવા માટે અગિયાર જણની સમિતિની રચના કરવા માટેની સંપૂર્ણ સત્તા કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીને સોંપવામાં આવી.

ઠરાવ - ૪ : શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ માંડવી ખાતેની કેન્દ્રીય સમાજની મિલકત અન્ય ટ્રસ્ટમાં તબદીલ કરેલ છે જેમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રચિત માંડવી ઝોનના હોદ્દેદારો સામેલ હોવાથી માંડવી ઝોને સમાજ વિરુધ્ધનું કૃત્ય કરેલ છે જેથી માંડવી ઝોન કારોબારીને બરખાસ્ત કરી કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રીશ્રીની રાહબરી હેઠળ માંડવી ઝોનની કારોબારીની નવેસરથી રચના કરવી.

ઠરાવ - ૫ : પાટીદાર સર્વોદય ટ્રસ્ટના જવાબદારોએ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની માંડવી ખાતેની મિલકત પચાવી પાડેલ છે તે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ અન્ય જવાબદારોને કેન્દ્રીય સમાજના આજીવન સભ્યપદેથી દૂર કરવા માટે કારણદર્શક નોટીસ આપવી. દિવસ સાતમાં ખુલાસો ન કરે તો કેન્દ્રીય સમાજમાં તેનું આજીવન સભ્યપદ રદ થયેલ ગણાશે. તમામ ઠરાવોને સર્વાનુમને સભામાં મંજુર કરવામાં આવ્યા હતા.

(પાન-૧૪ નું ચાલુ) એલ.વી. પોકાર લાજવાને બદલે...

પાટીદાર બંધુ : શું મિલ્કત હસ્તાંતરીત કરવા માટે તમે ૩૮ સભ્યોનો ઠરાવ કર્યો છે?

લધાબાપા : ઠરાવ કરેલો છે, બે ઠરાવ કર્યા છે.

પાટીદાર બંધુ : હંસરાજભાઇ ધોળુ તો ના પડે છે અમે કોઇ સહી નથી કરી?

લધાબાપા : તમે તપાસ કરી લો, સહી છે.

પાટીદાર બંધુ : કચ્છ મિત્રમાં હસરાજભાઇ, જેઠાબાપા અને નારણભાઇ પોકારે જાહેરાત આપી છે, તે ખોટી છે? તેમ આપનું કહેવું છે?

લધાબાપા : હાઁ ઇ જે તેના ઠરાવ કરેલા છે અને સહીયુ છે બધાની. ઇ ખોટો પ્રચાર કરી રહ્યા છે. જે થયું છે તે કાયદેસર થયું છે. અમારા માટે અમે કાંઇ નથી કર્યું. ભુજની હોસ્ટેલ નિર્માણ સમિતિએ બનાવી છે. સમાજનું નામ છે.

એલ.વી. બાપા અને પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ગમે તેટલી સ્પષ્ટતા કરે પણ હકીકત સૌ જાણે છે. ગત તા. ૨૩/૯/૨૦૧૨ના રોજ રાયણ ખાતે યોજાયેલ માંડવી વિભાગની સભામાં માંડવી વિભાગે ઠરાવો કરી આ સમગ્ર કૃત્યને વખોડી કાઢ્યું છે. અને આ કૃત્યને અંજામ આપનારાઓને સખ્તમાં સખ્ત સજા કરવા અનુરોધ કર્યો છે. આ શું બતાવે છે? આ તેમના જ માંડવી વિસ્તારની વાત છે.

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

લધા વિશ્રામ પોકાર લાજવાને બદલે ગાજે છે...

માંડવી હોસ્ટેલમાં પ્રજાનો કે સમાજનો કોઇ અધિકાર નથી, નિર્માણ સમિતિ જ સર્વસ્વ

સમાજ જેના ઉપર વિશ્વાસ રાખી અંધારામાં રહી તે નિર્માણ સમિતિના તત્કાલીન પ્રમુખ લધાભાઇ વિશ્રામભાઇ પોકાર સાથે ફોન ઉપર આ ઘટના અંગે તેમનો જવાબ જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમણે સ્પષ્ટ જણાવ્યું હતું કે, ''અમે કાંઇ ખોટુ કર્યું નથી. જે કર્યું છે તે નિયમ મુજબ કર્યું છે. હોસ્ટેલ ઉપર અમારો અધિકાર હતો... સમાજનું કાંઇ નહોતું.''

એલ.વી. બાપા એ અમને વધુ જણાવતા કહ્યું હતું કે ૧૯૯૧માં નિર્માણ સમિતિની રચના કરવામાં આવી હતી. નિર્માણ સમિતિ સ્વતંત્ર છે. તેમાં સમાજનું કાંઇ છે જ નહીં. આ ૩૮ જણાની સમિતિ હતી તો પણ અમે સમાજ માટે સાર્વજનિક પબ્લીક ટ્રસ્ટ બનાવ્યું છે. નિર્માણ સમિતિ એટલે ૩૮ જણની સામાન્ય સભા અને ૧૨-૧૩ જણની કારોબારી. આમા બીજા કોઇનો અધિકાર નથી.

પાટીદાર બંધુ : તો પછી 'અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સંચાલિત' એવું બોર્ડ ઉપર શા માટે લખવામાં આવતું હતું? અને નિર્માણ સમિતિના સભ્યો તમારી વિરુધ્ધમાં કેમ છે?

લધાબાપા : એ તમને ખબર નથી, અમારા વિરોધમાં કોઇ નથી. ૫-૭ જણા જ વિરુધ્ધમાં છે.

પાટીદાર બંધુ : 'નિર્માણ સમિતિ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની પેટા સમિતિ નથી' એવું તમારું કહેવું છે?

લધાબાપા : ના એવું મારું કહેવું નથી.

પાટીદાર બંધુ : તો પછી નિર્માણ સમિતિ શું છે?

લધાબાપા : તમને ટેલીફોનમાં કહેવાય એટલું કહી દીધું છે. વધુ માહિતી માટે અહીં આવો બધા ઠરાવ જુઓ.

પાટીદાર બંધુ : તમને ધાકધમકી આપીને સહીઓ કરાવવામાં આવી છે, એવું તમે મુંબઇની સભામાં બોલ્યા હતા, એવું એક વિડીયોમાં છે.

લધાબાપા : તમે જોયો છે તો વાંધો નહીં. જરૂર પડે ત્યાં મેં સહી કરી છે. વધારે જાણવું હોય તો અહીં આવવું પડે.

પાટીદાર બંધુ : બાપા થોડી સ્પષ્ટતા કરો તો સારું.

કેન્દ્રીય સમાજે પોલીસ ફરિયાદ કરી

ગત તા. ૫/૧૦/૨૦૧૨ના રોજ કેન્દ્રીય સમાજના લેટરપેડ ઉપર પાટીદાર સર્વોદય ટ્રસ્ટના ૮ ટ્રસ્ટીઓ ઉપર ૨,૮૪,૮૪,૩૩૫ રૂા.ની મિલ્કતો ગેરકાયદેસર રીતે પચાવી પાડવા તથા ખોટા દસ્તાવેજો તૈયાર કરવા બદલ ફરીયાદ નોંધાવી છે. આ અગાઉ વકીલ દ્વારા જવાબદારોને કાનુની નોટીસ પણ આપવામાં આવી હતી.

લધાબાપા : જો તમે સમજી લો. જરૂર પડે તેમાં સહી કરી છે. જે મિલ્કત છે તે નિર્માણ સમિતિની સ્વતંત્ર છે. તેમાં સમાજનું કાંઇ છે જ નહીં. રેકોર્ડ જોઇલો. ૩૮ જણની હતી તો ય સમાજ માટે જાહેર કરી છે.

પાટીદાર બંધુ : શ્વેતપત્ર બહાર પાડ્યા પછી આ મુદ્દો કેમ આવ્યો?

લધાબાપા : ૨૦ છોકરા નખત્રાણામાં ભણે છે તો પણ તેનો વહીવટ બરાબર નથી થતો અમે ૩૦૦ વિદ્યાર્થીને સારી રીતે સાચવીએ છીએ. ઇ એમને એમ નથી થતું. લોકો ખોટી વાતો ફેલાવે છે કે અમે સમાજની જમીન વેચી નાંખી. સમાજનો રેકોર્ડ જુઓને સમાજે અમને અધિકાર આપ્યો છે. સમાજે અમને પૈસા પણ નથી આપ્યા.

(અનુસંધાન પાન-૧૩ ઉપર)

realpatidar.com

realpatidar.com

૧૫ સપ્ટેમ્બર ૨૦૧૨ પાટીદાર બંધુ

લોકોને ભ્રમિત કરવા નિર્માણ સમિતિના નામે અપાયેલ જાહેરાતનું નિર્માણ સમિતિ એ જ ખંડન કર્યું

કચ્છ કડવા પાટીદાર સમાજના જ્ઞાતિજનોને ગુમરાહ કરવા માટે માંડવીના મવાળો દ્વારા કચ્છ મિત્ર દૈનિકમાં તા. ૨૪/૯/૧૨ના રોજ જે જાહેરાત આપવામાં આવી હતી તેનું આજ નિર્માણ સમિતિના જેઠાલાલ ચોપડા, નારણભાઈ પોકાર અને હંસરાજભાઈ ધોળુ દ્વારા તા. ૨૫/૯/૧૨ના રોજ કચ્છ મિત્રમાં વિજ્ઞાપન દ્વારા ખંડન કરવામાં આવ્યું હતું. નિર્માણ સમિતિના મવાળોએ આપેલ જાહેરાતનું ખંડન કરતી નિર્માણ સમિતિના સનાતની સભ્યોએ આપેલ જાહેરાતની વિગત નીચે મુજબ છે.

કચ્છ કડવા પાટીદાર સમાજના જ્ઞાતિજનો જોગ

તા. ૨૪/૯/૨૦૧૨ના રોજ કચ્છમિત્ર પાના નં. ૧૨ ઉપર નિર્માણ સમિતિના સદસ્યો દ્વારા પાટીદાર સમાજના ભાઈઓ જોગ જાહેર ખબર આપેલ છે, તે સત્યથી વેગળી છે અને જ્ઞાતિજનોને ગેરમાર્ગે દોરનારી છે. અમો શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (કેન્દ્રીય સમાજ) દ્વારા નિયુક્ત માંડવી નિર્માણ સમિતિના સદસ્યો છીએ. જાહેર ખબરમાં તથ્યોને તોડી મરોડીને વિકૃત રીતે લોકો સમક્ષ મૂકવામાં આવેલ છે અને આ સમાજની એકતા, અખંડતા, પ્રભુતા અને સંઘટનને તોડવાના પ્રયાસ છે. તા. ૧૭/૧૧/૨૦૦૮ની સભામાં કેન્દ્રીય સમાજની મિલ્કત એક જુદા જ ટ્રસ્ટમાં તબદીલ કરવાના અંગે કોઈ નિર્ણય લીધેલ નથી.

તા. ૧૬/૫/૨૦૧૧ના નિર્માણ સમિતિના કેટલાક સભ્યો દ્વારા ખોટા દસ્તાવેજો ઊભા કરી પાટીદાર સર્વોદય ટ્રસ્ટના નામે ટ્રસ્ટ ચેરીટી કમિશ્નરમાં નોંધાવવામાં આવેલ છે, જેમાં અમો સામેલ નથી. તેની સાથે સહમત પણ નથી અને આવો કોઈ નિર્ણય નિર્માણ સમિતિમાં લેવામાં આવેલો હોય તેની જાણ નથી. હાલમાં જે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ રજીસ્ટર થયેલ છે તેના ટ્રસ્ટી આ મુજબ છે : (૧) શિવદાસ ગોવિંદ છાભૈયા (૨) લખમશી લધા વાસાણી (૩) લધાભાઈ વિશ્રામભાઈ પોકાર (૪) ધનજી ગોવિંદ સેંઘાણી (૫) ભવાનજી ભાણજી રામાણી (૬) શાન્તીલાલ પેથા ચૌધરી (૭) સામજી હરજી સેંઘાણી (૮) મેઘજી જેઠા રામજીયાણી (૯) ભવાનજી નારાણ સેંઘાણી.

બીજી બાજુ નિર્માણ સમિતિના અમુક સદસ્યોએ કેન્દ્રીય સમાજની માલિકીની લખુ વીરજી ધોળુ કુમાર છાત્રાલય માંડવી નામથી ઓળખાતી મિલ્કત અને તેને લગતી તમામ અન્ય સ્થાવર અને જંગલ મિલ્કતો, તદ્દન ગેરકાયદેસર રીતે કેન્દ્રીય સમાને અંધારામાં રાખીને પોતાનું પ્રભુત્વ જળવાય એવા એક જુદા જ ટ્રસ્ટના નામે તબદીલ કરી નાંખી છે. આ દુષ્કૃત્યને અને સમાજદ્રોહી કાર્ય સામે જ્ઞાતિજનોને જાગૃત કરવાનું કામ કંઠી વિભાગ અને અન્ય વિભાગના ભાઈઓ કરી રહ્યા છે. આવા સજજનોને અમારો સંપૂર્ણ ટેકો છે. સમાજ સાથે ગદ્દારી કરનાર સામે કડકમાં કડક કાનૂની અને સામાજિક દંડાત્મક કાર્યવાહી કરવા અમો અપીલ કરીએ છીએ.

લિ. કચ્છ કડવા પાટીદાર માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિના સભ્યો

(૧) જેઠાભાઈ લાલજી ચોપડા (૨) નારણભાઈ રામજી પોકાર (૩) હંસરાજભાઈ દેવજી ધોળુ

realpatidar.com

realpatidar.com

કંઠી વિસ્તાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજે કરેલ મહત્ત્વપૂર્ણ ઠરાવો

માંડવી તાલુકાના રાયણ મુકામે તા. ૨૩/૯/૨૦૧૨ના કંઠી વિસ્તાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ દ્વારા આયોજિત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સનાતની ભાઈ-બહેનોની સભામાં નીચે મુજબનાં મહત્ત્વપૂર્ણ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ નં. ૧ : અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની માંડવી ખાતે આવેલી શ્રી લખુભાઈ વિરજી ધોળુ વિદ્યાર્થી હોસ્ટેલ અને તેની આસપાસની જમીન માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિએ સમાજને અંધારામાં રાખી પાટીદાર સર્વોદય ટ્રસ્ટ નામનું નવું ટ્રસ્ટ રચી તે ટ્રસ્ટના નામે તબદિલ કરી દીધી છે અને બાબત કેન્દ્રીય સમાજ સાથે વિશ્વાસઘાત કર્યા બરાબર છે. એમ આ સભા માને છે અને આ બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

ઠરાવ નં. ૨ : માંડવી ખાતે હોસ્ટેલ બાંધવા અને તેનો વિકાસ કરવા ૧૯૯૧માં કેન્દ્રીય સમાજ દ્વારા માંડવી હોસ્ટેલ નિર્માણ સમિતિની રચના કરાઈ છે એવું સૌ જ્ઞાતિજનો જાણે છે. તેથી નિર્માણ સમિતિ દ્વારા ખરીદાયેલ મિલકતો કેન્દ્રીય સમાજની માલિકીની છે તે સમાજની પરવાનગી વિના કોઈ અન્ય ટ્રસ્ટના નામે તબદીલ કરી શકાય નહિ એવું અમે સ્પષ્ટ પણે માનીએ છીએ અને નિર્માણ સમિતિના જે સભ્યોએ આવું બિન અધિકૃત કૃત્ય આચર્યું હોય તો તેમને એ મિલકતો કેન્દ્રીય સમાજને પરત સોંપી દેવી જોઈએ અને સમાધાનકારી વલણ અખત્યાર કરવું જોઈએ.

ઠરાવ નં. ૩ : કેન્દ્રીય સમાજની મિલકતોને સમાજની આંખમાં ધુળ નાંખીને અન્ય ટ્રસ્ટને પધરાવી દેનાર સમાજના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ અને નિર્માણ સમિતિના સભ્યો જો ગુનેગાર ઠરે તો તેને કેન્દ્રીય સમાજના ઉમિયામાતાજી/સંસ્કારધાર સ્થાનિક સમાજમાં કોઈ હોદ્દા પર કે કોઈ સમિતિમાં રાખવા જોઈએ નહિ. અને હાલમાં જો તે હોય તો તેમને તાત્કાલિક દૂર કરવા જોઈએ. એવું આ સભા સ્પષ્ટપણે માને છે.

ઠરાવ નં. ૪ : સને ૧૯૬૦માં સ્થપાયેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નેજા હેઠળ સમગ્ર કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ અત્યાર સુધી એક અને સંગઠીત છે. તેમાં વૈમનસ્ય ઉભું કરી પ્રાંતવાદની ભાવના લોકોના મનમાં ભરીને ભાગલા પાડવાની પ્રવૃત્તિ જ્ઞાતિનાં કેટલાક અગ્રણીઓ દ્વારા થઈ રહી છે તેને પણ આ સભા વખોડી કાઢે છે અને કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ એક અને અખંડ રહે એવું ઈચ્છે છે.

અત્રે ઉલેખનીય છે કે આજ કંઠી વિસ્તારની સનાતની ભાવનાને કચડીને પોતાનો સ્વાર્થ સિધ્ધ કરવાનો પ્રયત્ન હોસ્ટેલના આરોપીઓએ કર્યો હતો. આ ઠરાવો કરી માંડવી કંઠી વિસ્તારે ફરી એક વખત પોતાની સનાતની ભાવનાને જગજાહેર કરી છે જે પ્રશંસનીય છે.

realpatidar.com